# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-12-2024 Day : Friday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહ - અવસાન

પૂર્વ પ્રધાનમંત્રી ડૉ.મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે 92 વર્ષની વયે અવસાન થયું હતું. તેમને દિલ્હીની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ ( AIIMS) લાવવામાં આવ્યા હતા. તે ઘરે બેભાન થયા હતા.

હોસ્પિટલની પ્રેસ રિલિફ અનુસાર , તેમને ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે રાત્રે 9:51 વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ લાંબા સમયથી બીમાર હતા. તેઓ 2004માં દેશના પ્રધાનમંત્રી બન્યા અને મે 2014 સુધી આ પદ પર બે વખત સેવા આપી.

અખંડ ભારતના પંજાબ પ્રાંતના એક ગામમાં 26 સપ્ટેમ્બર , 1932ના રોજ જન્મેલા મનોમોહનસિંહને ભારતીય રાજનીતિ અને આર્થિક સુધારામાં તેમણે કરેલા યોગદાન માટે યાદ રાખવામાં આવશે.

1971માં ડો.સિંહ ભારત સરકારમાં વાણિજ્ય મંત્રાલયના આર્થિક સલાહકાર પદે જોડાયા હતા. તે પછી તરત 1972માં તેમની નિમણૂક નાણા મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર પદે થઇ હતી. ડો. મનમોહનસિંઘ નાણા મંત્રાલયના સચિવ , આયોજન પંચના ઉપાધ્યક્ષ , ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર , પ્રધાનમંત્રીના સલાહકાર, યુજીસીના અધ્યક્ષ સહિતના મહત્વના પદ સંભાળી ચૂક્યા છે. 1991 થી 1996 વચ્ચેના પાંચ વર્ષ દરમિયાન તેમણે ભારતના નાણામંત્રી પદે સેવા આપી

**હતી. આર્થિક સુધારાઓની સર્વાંગીનીતિને અમલી બનાવવામાં રહેલી તેમની ભૂમિકાને સમગ્ર વિશ્વે પ્રશંસા કરી હતી.**

**મનમોહનસિંહની રાજકીય કારકિર્દીની વાત કરીએ તો 1991થી તેઓ રાજ્યસભાનું સભ્યપદ ધરાવે હતા. 1998 અને 2004માં તેઓએ રાજ્યસભામાં વિરોધપક્ષના નેતાનું પદ પણ સભાળ્યું હતું. વર્ષ 2004ની સામાન્ય ચૂંટણીઓ પછી 22મી મે ના રોજ ડો. મનમોહનસિંઘે પ્રધાનમંત્રી પદના શપથ લીધા હતા. 22 મે 2009ના રોજ બીજી મુદત માટે પ્રધાનમંત્રી પદના શપથ લીધા હતા.**

**પોતાની જાહેર કારકિર્દી દરમિયાન ડો.સિંહને અનેક એવોર્ડ અને સન્માન મળ્યા છે. ભારતના વિત્તીય ક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મવિ ભૂષણથી પણ તેમને સન્માનવામાં આવ્યા હતા.**

**કેન્દ્ર સરકારે 7 દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. તેમજ આવતીકાલના તમામ કાર્યક્રમો રદ્દ કરી દેવામાં આવ્યા છે. ડૉ. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર રાજ્ય સન્માન સાથે કરવામાં આવશે.**

---

<u>રાષ્ટ્રપતિ- પી.એમ. શ્રધ્ધાંજલિ</u>

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કરતા જણાવ્યું છે કે પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહજી એવા દુર્લભ રાજકારણીઓમાંના એક હતા. જેમણે શિક્ષણ અને વહીવટની દુનિયામાં સરળતા બનાવી રાખી હતી. રાષ્ટ્ર પ્રત્યેની તેમની સેવા , તેમના નિષ્કલંક રાજકીય જીવન અને તેમની અત્યંત નમ્રતા માટે તેમને હંમેશા યાદ કરવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર શ્રધ્ધાંજલિ આપતા લખ્યું છે કે, દેશ તેના સૌથી આદરણીય નેતા ડો. મનમોહનસિંહના નિધનથી શોકમાં છે. સામાન્ય પૃષ્ઠભૂમિથી ઉભરીને તેઓ એક પ્રખ્યાત અર્થશાસ્ત્રી બન્યા. તેમણે નાણામંત્રી સહિત વિવિધ હોદ્દા સંભાળ્યા અને વર્ષોથી અમારી આર્થિક નીતિ પર ઊંડી છાપ છોડી.

લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મનમોહન સિંહના નિધન પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું છે કે મનમોહન સિંહજીએ સમજદારી પૂર્વક અને અખંડિતતા સાથે ભારતનું નેતૃત્ત્વ કર્યું. તેમની નમ્રતા અને અર્થશાસ્ત્રની ઊંડી સમજથી રાષ્ટ્રને પ્રેરણા મળી. જો આજે મારા શિક્ષક અને માર્ગદર્શક ગુમાવ્યા.

---

વીર બાળ દિવસ – રાજ્ય -કચ્છ

ગઈકાલે રાજ્યભરમાં વીર બાળ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદના થલતેજ ગુરુદ્વારામાં પુજા અર્ચના કરી હતી અને લંગર પ્રસાદનું વિતરણ કર્યું હતું.

કચ્છમાં પણ ભુજના હોસ્પિટલ રોડ સ્થિત કે.ડી.સી.સી હોલ ખાતે સાંસદ વિનોદ ચાવડાની ઉપસ્થિતિમાં વીર બાળ દિવસની ઉજવણી કરાઈ હતી. આ અવસરે સામાજીક અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓએ વીર બાળ શહિદોને શ્રધ્ધાંજલિ આપી તેમના કાર્યોનું સ્મરણ કર્યું હતું.

---

## શી-ટીમ તાલીમ

ભુજ શહેર પોલીસ સી ટીમ દ્વારા પોલીસ હેડ ક્વાટર્સ ખાતે આગામી ભરતી માટે બહેનોને શારીરિક કસોટી દ્વારા તાલીમ અપાઈ રહી છે , આ અંતર્ગત જોડાયેલી બહેનો માટે સ્મૃતિવન ખાતે વિશેષ તાલીમનું આયોજન કરાયુ હતું. “શી ટીમ કી શેરનિયા ” તરીકે તાલીમ પામનારી બહેનોને ટી-શર્ટ વિતરણ કરાયા હતા.

છેલ્લા એક માસથી શી ટીમ ફરજની સાથે-સાથે કચ્છની યુવતીઓને પોતાના ખાખીના સ્વપ્નને સાકાર કરવા માટે પ્રોત્સાહન પુરૂ પાડી સખત મહેનત કરાઈ રહી છે. આ તાલીમમાં વધુમાં વધુ બહેનો જોડાય અને આ ક્ષેત્રમાં આગળ આવે તેવી ઈચ્છા વ્યક્ત કરાઈ હતી.

---

## હવામાન

જિલ્લામાં ગઈકાલે હવામાનમાં પલટો આવતા વાતાવરણ વાદળછાયું થયું છે. વાતાવરણીય બદલાવના કારણે પવનની ઝડપમાં વધારો થતાં ઠારની તીવ્રતામાં વધારો થયો છે. જીલ્લાના વિવિધ મથકો ઉપર લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધઘટ નોંધાઈ હતી. રાજ્યના સૌથી શીત મથક બની રહેલા નલિયામાં લઘુત્તમ તાપમાન 9.8 ડિગ્રી જયારે ભુજમાં 10.9 અને કંડલામાં 14.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું. હવામાન વિભાગે ત્રણ દિવસ કચ્છ સહિતના જિલ્લાઓમાં છૂટા-છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

---